કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૮

પત્રાંક- પ્રાશિનિ/ચ.૧/પ્રવેશોત્સવ/૨૦૧૮-૧૯/૪૫૫૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર તારીખ- ૩૦-૦૫-૨૦૧૮

પ્રતિ,
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
તમામ

**શાસનાધિકારીશ્રી,**
નગર શિક્ષણ સમિતિ, તમામ

**વિષય - શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૮ ના આયોજન બાબત**
**સંદર્ભ -** શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક- પીઆરઇ/૧૧૨૦૧૮/સીંગલફાઇલ-૯/ક
તા. ૧૮/૦૫/૨૦૧૮ અને તા.૨૫-૫-૨૦૧૮

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, આગામી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ -૨૦૧૮-૧૯ ગ્રામ્ય વિસ્તારમાં તા. ૧૪-૧૫ જૂન, ૨૦૧૮ અને શહેરી વિસ્તારમાં તારીખ- ૨૨-૨૩ જૂન, ૨૦૧૮ દરમ્યાન યોજવાનો રાજય સરકારે નિર્ણય કરેલ છે. આ કાર્યક્રમનું વિકેન્દ્રીયકૃત રીતે જીલ્લા / તાલુકા કક્ષાએથી આ કાર્યક્રમનું સુચારૂ આયોજન થઇ શકે તે હેતુથી આ અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે મોકલી આપવામાં આવે છે. તે મુજબ જીલ્લા કક્ષાએથી અનુસરણ કરવાનું રહેશે. રાજય કક્ષાએથી સાહિત્ય લઇ જવા માટે સર્વ શિક્ષા અભિયાન મિશન ધ્વારા સૂચનાઓ આપવામાં આવશે.

હવે આ કાર્યક્રમ અંગેની સૂચનાઓ ઇ-મેઇલથી આપવામાં આવશે,તો તે માટે દરરોજ આપનું ઇ-મેઇલ એકાઉન્ટ ચેક કરી લેવાની તકેદારી રાખશો.

(ડૉ. એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા., ગાંધીનગર

( જે. ડી. દેસાઇ)
નિયામક,
શાળાઓની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

નકલ સવિનય જાણ સારૂ રવાના-

અંગત સચિવશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગુ.રા.,ગાંધીનગર
અંગત સચિવશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગુ.રા.,ગાંધીનગર
અંગત સચિવશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગુ.રા.,ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, (પ્રાથમિક/માધ્યમિક) સચિવાલય, ગાંધીનગર
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર
નાયબ સચિવશ્રી,(પ્રાથમિક), (માધ્યમિક) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

# કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવઃ ૨૦૧૮-૧૯ના આયોજન માટે માર્ગદર્શક સૂચનાઓ

(૧) કાર્યક્રમનું આયોજન ગ્રામ્ય વિસ્તાર માટે તા.૧૪ અને ૧૫ જૂન-૨૦૧૮(બે દિવસ) અને શહેરી વિસ્તાર માટે તા. ૨૨ થી ૨૩ જૂન-૨૦૧૮ (બે દિવસ) નક્કી કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય કક્ષાએથી કાર્યક્રમમાં ભાગ લેનાર માન.મંત્રીશ્રીઓ તથા અખિલ ભારતીય સેવાના અધિકારીશ્રીઓની યાદી તૈયાર કરીને, તેઓ કયા જિલ્લાના કાર્યક્રમમાં ભાગ લેશે તેની વિગતો / યાદી શિક્ષણ વિભાગ કક્ષાએથી મોકલી આપવામાં આવશે.

(૩) ધોરણ- ૮ થી ધોરણ- ૯ માં ૨૦ ટકા કરતા વધુ ડ્રોપ આઉટ રેશિયો હોય તેવા ૧૨૧ તાલુકામાં રાજય કક્ષાએથી જનાર અધિકારી / પદાધિકારીશ્રીઓને રૂટ ફાળવવાના રહેશે. રાજય કક્ષાએથી જનાર અધિકારી / પદાધિકારીશ્રીઓ માટે પ્રવેશોત્સવ અંગેનો મુખ્ય કાર્યક્રમ રૂટમાં ફાળવેલ માધ્યમિક શાળામાં કરવાનો રહેશે.

(૪) માધ્યમિક શાળાના રૂટ બનાવવાની કામગીરી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે. જે માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાવાનો હોય તેની એક કિ.મી. ની ત્રિજયામાં આવતી સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૧ માં પ્રવેશ પાત્ર બાળકો અને તે ત્રિજયામાં આવેલ આંગણવાડીના બાળકોનો પ્રવેશોત્સવ કાર્યક્રમ સંબંધિત માધ્યમિક શાળામાં જ કરવાનો રહેશે. એટલે કે, જે માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાય ત્યાં ધોરણ- ૯ માં પ્રવેશ પામતાં બાળકો, ધોરણ-૧ માં પ્રવેશ પામતાં બાળકો અને આંગણવાડીના બાળકોનો સંયુકત પ્રવેશોત્સવ યોજવાનો રહેશે.

(૫) રાજય કક્ષાએથી જનાર અધિકારી / પદાધિકારીશ્રીને પ્રત્યેક દિવસે ૨ (બે) માધ્યમિક શાળા ફાળવવાની રહેશે. જેમાં પ્રથમ શાળામાં સવારે ૮ થી ૧૦ પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવાનો રહેશે. જયારે બીજી શાળામાં સવારે ૧૧ થી ૧ વાગ્યા દરમ્યાન કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

(૬) રાજય કક્ષાએથી જનાર સંબંધિત અધિકારી / પદાધિકારીશ્રીના રૂટ બનાવવા, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસેથી કીટ વગેરે મેળવી પહોંચડવાની જવાબદારી જીલ્લા શિક્ષણાધિકારીની રહેશે. આ કામગીરીમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જરૂરી સહકાર આપવાનો રહેશે.

(૭) રાજયની અન્ય તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ અને સરકારી માધ્યમિક શાળાઓમાં પણ સૂચવેલ દિવસો દરમ્યાન પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. અર્થાત, સૂચવેલ ૧૨૧ તાલુકા સિવાયના તાલુકાઓમાં જિલ્લા કક્ષાના અધિકારી/પદાધિકારીશ્રીઓને રૂટની ફાળવણી કરી ૧૦૦ ટકા શાળાઓમાં પ્રવેશોત્સવનું આયોજન થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.